RTI Module માટે અરજી ફી, નકલ ફી
તથા અન્ય ચાર્જીસની રકમ ઓનલાઇન
સ્વીકારવા પેમેન્ટ ગેટ વે નક્કી કરવા તેમજ
તે માટે બેંક એકાઉન્ટ ખોલવા બાબત

ગુજરાત સરકાર,

સામાન્ય વહીવટ વિભાગ,

ઠરાવ ક્રમાંક:વહસ ૧૦૦૫ ૨૬૬૪-આરટીઆઇ સેલ(પા.ફા),

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૦૮/૦૮/૨૦૨૧

વંચાણમાં લીધા:-

(૧) માહિતીનો અધિકારઅધિનિયમ-૨૦૦૫

(૨) ગુજરાત માહિતીનો અધિકાર નિયમો-૨૦૧૦

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.30/03/૨૦૧૯ નો પરિપત્ર ક્રમાંક: વહસ-૨૦૦૫-૪૫૦-આરટીઆઇસેલ

**આમુખ:**

www.gascadre.com

IWDMS 2.0 પ્રોજેક્ટ હેઠળ ઓનલાઇન આરટીઆઇ થઇ શકે તે માટે RTI મોડ્યુલ વિકસાવવામાં આવી રહેલ છે. માહિતીનો અધિકાર અધિનિયમ/નિયમ હેઠળ ચુકવવાની થતી અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની રકમ ઓનલાઇન સ્વીકારવા માટે પેમેન્ટ ગેટ વે નક્કી કરવા તેમજ તે માટે બેંક એકાઉન્ટ ખોલવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે RTI Module માટે માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ લેવાની થતી ફી તથા અન્ય ચાર્જીસની રકમ ઓનલાઇન સ્વીકારવા માટે પેમેન્ટ ગેટવે (SBI e Pay) નક્કી કરવામાં આવે છે તેમજ તે માટે બેંક એકાઉન્ટ ખોલવા નીચેની શરતોને આધિન કરાવવામાં આવે છે.

(૧) સદર બેંક એકાઉન્ટ આરટીઆઇ પેટે ફી જમા કરવાના હેતુ માટે જ હોઇ આરટીઆઇ હેઠળ આવતી રકમ જ તેમા લેવાની રહેશે. આ બેંક એકાઉન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૨) બેંક એકાઉન્ટમાં જમા થયેલ ફીની રકમ T+1ના ધોરણે Single transaction થી નક્કી થયેલ આવકના નીચેના સદરે જમા કરાવવાની રહેશે.

| | | |
|---|---|---|
| Major Head | : | 0070-Other Administrative Services |
| Sub Major Head | : | 60-Other Services |
| Minor Head | : | 118-Receipt under Right to Information Act-2005 |
| Sub Head | : | 00-Receipt under Right to Information Act-2005 |

(૩) સરકારશ્રીની અધિસુચના, કાયદા,ઠરાવ તથા નિયમો દ્વારા નક્કી થયા મુજબની સમગ્ર આવકો તિજોરીમાં જમા કરાવવાની રહેશે. પેમેન્ટ ગેટ વે મારફ્ત એકાઉન્ટમાં જમા થયેલ રકમ પૈકી કોઇપણ રકમ તિજોરીમાં જમા કરાવવાની બાકી ન રહે તે બાબતની કાળજી રાખવાની રહેશે.

(૪) ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૫ મુજબ કોઈપણ સરકારી આવક સરકારી હિસાબથી અલગ રાખી શકાતી નથી, આથી પેમેન્ટ ગેટ- વે મારફત થતા વ્યવહારોની કોઈપણ રકમ સરકારી આવકમાંથી સીધી બાદ કરી શકાશે નહીં

(૫) પેમેન્ટ ગેટ-વે મારફત જમા થયેલ રકમના settlement માટે RBIની તા.૨૪/૧૧/૨૦૦૯ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે

(૬) પેમેન્ટ ગેટ-વે મારફત થતા વ્યવહારોનું Reconciliation તિજોરી કચેરી સાથે દર મહિને કરવાનું રહેશે. Reconciliation સંબંધિત વધુ વિગતો માટે હિસાબ અને તિજોરી કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૭) પેમેન્ટ ગેટ વે મારફત થતા વ્યવહારોનું સરકારશ્રીના નિયમોનુસાર ઓડીટ કરાવવાનું રહેશે. જેનો ત્રિમાસિક અહેવાલ નાણા વિભાગને મોકલી આપવાનો રહેશે

(૮) ચાર્જબેક કે અન્ય કોઈપણ પ્રકારના દાવાઓની રકમની કપાત એકાઉન્ટસમાં જમા થયેલ સરકારી આવકમાંથી સીધી કપાત તરીકે કરી શકાશે નહીં.

(૯) આ એકાઉન્ટમાં થયેલા ટ્રાન્ઝેકશનનો સ્ક્રોલ તિજોરી અધિકારી, ગાંધીનગરને ડેઈલી-બેઝીસ પર મોકલી આપવાનો રહેશે. તેમજ ડેઈલીબેઝીસ પર, CTP પર Online upload કરવાનો રહેશે.

(૧૦) આ એકાઉન્ટમાં જમા થયેલ રકમ અન્ય કોઈ એકાઉન્ટસમાં કે PD-PLA એકાઉન્ટસમાં ટ્રાન્સફર કરી શકાશે નહીં.

(૧૧) RTI મોડયુલ માટે પેમેન્ટ ગેટ-વે મારફત ડેબીટ કાર્ડથી થતા ટ્રાન્ઝેકશન પર લાગતા MDR ચાર્જીસની રકમ સરકારશ્રીએ ચૂકવવાનું નિયત કરેલ છે. જેથી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ દર માસે આ રકમનું ઉપસચિવ(સા.વ.વિ.)ના નામનું બીલ ઉપસચિવ(આરટીઆઇ સેલ)(સા.વ.વિ.) ને મોકલી આપવાનું રહેશે.

આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૦૩/૨૦૨૧, તા.૨૦/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી તથા સામાન્ય વહીવટ વિભાગની ફાઇલ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૧/૭૩૬/આરટીઆઇ સેલ પર નાણા વિભાગની તા.૨૩/૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેન્દ્રસિંહ રાઠોડ )
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

www.gascadre.com

- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા તિજોરીઅધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા(મુખ્ય શાખા), સેક્ટર-૧૦ એ, સચિવાલય, ગાંધીનગર.
- ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- નાયબ સેક્શન અધિકારીની સીલેક્ટ ફાઇલ.
- શાખા સીલેક્ટ ફાઇલ.

    - પત્ર દ્વારા